ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ વિતરણ/૦૭
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તારીખ: 16/03/૨૦૨૫

// પરિપત્ર //

વિષય : નિગમ દ્વારા ફાળવેલ મિલ્કતની સ્વૈચ્છિક પરત સોંપણી કરવા અંગેના તા.૧૬/૦૧/૨૦૨૪ ના પરિપત્રની સમયમર્યાદા વધારી આપવા બાબત.

સંદર્ભ : ૧) પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ-વિતરણ/૪૨, તા.૧૭/૧૨/૨૦૨૧.
૨) પરિપત્ર ક્રમાંક:જીઆઇડીસી/પોલિસી/પોસ્ટ-વિતરણ/૧, તા.૧૬/૦૧/૨૦૨૪.

નિગમ દ્વારા વિવિધ વસાહતોમાં ફાળવણી કરેલ ઔદ્યોગિક, વાણિજ્ય, રહેણાંક મિલ્કતોની સ્વૈચ્છિક પરત સોંપણી માટેની તા.૧૬/૦૧/૨૦૨૪ થી સમયબંધી ઉદાર નીતિ જારી કરવામાં આવેલ. સદર ઉદાર નીતિનો વધુમાં વધુ ફાળવણીદારો લાભ મેળવી શકે અને વણવપરાશી ખુલ્લા પ્લોટ પરત મેળવી ઉદ્યોગની સ્થાપના હેતુ તેનો વપરાશ થાય તે માટે સરકારશ્રી દ્વારા ઉદ્યોગકારોનાં હિતમાં કરવામાં આવેલ નિર્ણય અનુસાર ફાળવણીદારોને વધુ એક તક આપી તા.૧૬/૦૧/૨૦૨૪ ના પરિપત્રની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રાખી મિલ્કતની સ્વૈચ્છિક પરત સોંપણી કરવા માટેની અરજી કરવાની સમયમર્યાદા તા.૩૦/૦૬/૨૦૨૪ સુધી વધારવામાં આવે છે.

નિગમના તમામ સંબધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ એ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના :

૧. મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ નિગમના રેકર્ડમાં નોંધાયેલ વર્તમાન ફાળવણીદારોના રજીસ્ટર ઇ-મેઇલ મારફતે પરિપત્રની જાણ થવા તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.
૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.
૩. પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔધોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂં.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)